- આ એકમમાં સુંદર અક્ષરોની વાત કરી છે, તો નીચેના સુવાક્યને સમજીએ :

**સુંદર અક્ષરો હાથનું ઘરેણું છે.**

અક્ષર એ વ્યક્તિના જીવનનું અને તેના વ્યક્તિત્વનું પ્રતિબિંબ છે. અક્ષરો જોઈને આપણે તે વ્યક્તિ કેવી હશે તેનું અનુમાન કરી શકીએ છીએ. સુંદર અક્ષરોવાળી વ્યક્તિ પ્રત્યે આપણને આદર અને પ્રેમ થાય છે. સુંદર અક્ષરે લખાણ કરવું, એ વ્યવસ્થિત મહાવરો માગી લે છે.

ગાંધીજી કહેતા, 'ખરાબ અક્ષરો એ અધૂરી કેળવણીની નિશાની છે.' વાત તદ્દન સાચી છે. મનુષ્ય ગમે તેટલો વિદ્વાન હોય પણ જો તેના અક્ષર સુંદર અને સુરેખ ન હોય, તો તે સામી વ્યક્તિને પ્રભાવિત કરી શકે નહીં.

સુંદર અક્ષરે લખવા માટે આપણે વિદ્યાર્થી-અવસ્થામાં જ વિશેષ પ્રયત્ન કરવો જોઈએ. આપણું લખાણ સુંદર, મરોડદાર અને સુવાચ્ય અક્ષરોવાળું હોવું જોઈએ. મોતીના દાણા જેવા અક્ષરે લખેલું લખાણ વાંચવું કોને ન ગમે ? બે શબ્દો વચ્ચે એક અક્ષર જેટલું અંતર રાખવું જોઈએ.

આપણા અક્ષરો સુંદર હશે, તો વાંચનારને ચોક્કસ ગમશે. સુંદર અક્ષરો તો સૌને ગમે. જેના અક્ષર સારા ન હોય તેને પણ સારા અક્ષર તો ગમે જ છે. જેમ ઘરેણાંથી દેહ શોભે છે, તેમ સુંદર અક્ષરોથી આપણું વ્યક્તિત્વ શોભે છે, માટે સુંદર અક્ષરો એ હાથનું ઘરેણું છે.

# પદ્ય 15 ગુજરાત મોરી મોરી રે

ઊર્મિગીત

**ઉમાશંકર જોશી**

જન્મ : 21-07-1911, અવસાન : 19-12-1988

ઉમાશંકર જોશીનો જન્મ સાબરકાંઠા જિલ્લાના બામણા ગામમાં થયો હતો. કવિતા, ટૂંકીવાર્તા, એકાંકી, નિબંધ, વિવેચન, સંપાદન, સંશોધન, પ્રવાસવર્ણન વગેરે... લગભગ સાહિત્યના તમામ પાસાંઓમાં ઉમાશંકર જોશીની કલમે સ્પર્શ કર્યો છે. 'સંસ્કૃતિ' માસિકના સંપાદક તરીકે તેમણે ૩૭ વર્ષ સુધી પોતાનું મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ, રાજ્યસભાના સભ્ય, રાષ્ટ્રીય સાહિત્ય અકાદમીના પ્રમુખ અને શાંતિનિકેતન યુનિવર્સિટીના ઉપકુલપતિ જેવા ઉચ્ચપદ તેમણે શોભાવ્યાં હતાં. તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક તથા જ્ઞાનપીઠ પુરસ્કાર સહિત અને પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેઓ 'વિશ્વશાંતિના કવિ' તરીકે ખ્યાત છે.

'ઊર્મિકાવ્ય એ કવિના હૃદય સાથે સ્પર્શતું સાહિત્ય સ્વરૂપ છે.' ઉર્મિકાવ્ય એ અંગ્રેજી 'લિરિક' સાહિત્યપ્રકારની ગુજરાતી આવૃત્તિ છે. આ કાવ્યમાં કવિનો ગુજરાત પ્રત્યેનો પ્રેમ પ્રગટ થયો છે. ગુજરાતની ભૌગોલિક અને ઐતિહાસિક વિશેષતાઓનું કવિએ આગવી શૈલીમાં આલેખન કર્યું છે. કવિના હૃદયમાંથી નીકળેલું ઉર્મિકાવ્ય પ્રત્યેક ગુજરાતીના હૃદયને સ્પર્શે છે. ગુજરાતનું મહિમાગાન કરતા આ કાવ્યમાં કવિને પોતે ગુજરાતી હોવાનો ગર્વ હોવાનું પણ સ્પષ્ટ દેખાય છે. પ્રત્યેક ગુજરાતીનું કવિ અહીં જાણે પ્રતિનિધિત્વ કરે છે.

: શબ્દાર્થ :

- મોંઘી (અહીં) મૂલ્યવાન, મોરી- મારી, આગલી હરોળની, મોખરાની, ભોમ - ભૂમિ, ધરતી, ઝાઝેરી - ખાસ મહત્ત્વ ધરાવતી, સાબર - સાબરમતી નદી, મર્દાની - મરદાનગીથી ભરેલાં, હિંમતથી ભરેલાં, - સ્વપ્નાં, સુણાવતી - સંભળાવતી, રેવા - નર્મદા, મર્મર - પાંદડાંનો ધીમો અવાજ, (અહીં) મર્મર - હળવેથી પાન કરાવતી, સમદર - સમુદ્ર, છોળે - મોજાંની છાલકોથી, ટૂંકો - પર્વતની ટોચ, શિખર,

ગઢ - **કિલ્લો, પર્વતનો કોટ,** ઇડરિયા - **ઈડરનો,** પાવા - **પાવાગઢ,** ટોડલે - **બારસાખની બહાર દેખાતો ઉપલો છેડાનો ભાગ (અહીં) ટોચે** અમીમીટ - **અમૃતભરી દૃષ્ટિ, મીઠાશભરી નજરે,** ચરોતર - **ચારુતર એટલે સુંદર, લીલોછમ,** ઊમટે - **એક સામટા જથ્થામાં આગળ ધસે,** ચોરવાડ - **ગુજરાતનો એક પ્રદેશ છે,** ઊભરે - **ઊભરાય,** હીર - **(અહીં) હેત, પ્રેમ,** નીરતીર - **પાણીના કિનારે (સરોવરના કાંઠે)** સારસ - **એક પક્ષીનું નામ - આ પક્ષીઓની ખાસિયત છે કે તે હંમેશાં જોડીમાં જ રહે છે. એકનું મૃત્યુ થાય તો બીજું પણ પોતાના પ્રાણ ત્યજી દે છે,** સુખ ડૂબ્યાં - **સુખમાં તરબોળ,** જોડલે - **જોડી, જોડું,** દોહ્યલી - **કપરી, અઘરી, દુષ્કર**

## : રૂઢિપ્રયોગ :

- છાતી ઊભરાવી - **અત્યંત આનંદથી (પ્રેમથી), છલકાવું, (અહીં) છાતી ગજગજ ફૂલે તે અર્થમાં છે. એટલે** હર્ષ સાથે ગર્વ **અનુભવવો.**

## : કાવ્યની સમજૂતી :

ઇ.સ.1960 મે મહિનાની પહેલી તારીખે ગુજરાત રાજ્ય મહારાષ્ટ્ર રાજ્યથી અલગ થયું ત્યારે આ કવિતા લખાઈ છે.

મળતાં તો મળી ગઈ પરંતુ ખરેખર આ ગુજરાત મેળવવી અઘરી હતી, (અનેક ક્ષેત્રે) અગ્રેસર એવી આ ગુજરાત મારી છે. ભારતના પ્રત્યેક રાજ્યોમાં ગુજરાતનું વિશેષ મહત્ત્વ છે. આ વિશેષતાઓથી ભરેલ ગુજરાત મારી છે.

જે સાબરમતીનાં વીરતા ભરેલાં સ્વપ્નો (વીર કથાઓ) સંભળાવે છે. જે નર્મદા નદીના અમૃત સમાન જળનું પાન કરાવે છે, જેનો દરિયાકિનારો સમુદ્રના મોજાંઓ રૂપી મોતીની છાલકોથી સૌને નવડાવે છે. એ વિશેષતાઓથી ભરેલ ગુજરાત મારી છે.

જ્યાં ગિરનારની ટૂકો (શિખરો) અને ઇડરિયો ગઢ છે, પાવાગઢની ટોચે મહાકાળી માતાનો વાસ છે, આ ડુંગરો પર ચડતાં ડગલે ડગલે હૈયાને ભાવથી ભરી દે છે એ ગુજરાત મારી છે.

જ્યાં ચરોતર ભૂમિના લોકોની આંખમાં અમૃત સમાન પ્રેમ નીતરે છે. ચોરવાડ (સૌરાષ્ટ્રના દરિયાકાંઠાનું) વિહારધામ જોઈને છાતી અત્યંત આનંદથી છલકાય છે. (ગર્વથી ફૂલે છે) હૃદયના હીર (હેત) પીવડાવીને જે સર્વદા સ્નેહ વરસાવતી રહે છે તે ગુજરાત મારી છે.

કોયલ અને મોરના મધ જેવા મીઠા ટહુકાએ (પા.પુ.માં મેઘમીઠે છે ત્યાં મધમીઠે હોવું જોઈએ. મેઘમીઠે શબ્દ સાથે મોર બંધ બેસે કોયલ નહીં) નાજુક નમણી પનિહારીના ભીના અંબોડે જળાશયના કાંઠે સુખમાં ડૂબેલી સારસપક્ષીની જોડી જોવા મળે છે એ ગુજરાત મારી છે.

આ કવિ નર્મદની ગુજરાત છે એના જમાનામાં જીવવું અત્યંત મુશ્કેલ હતું. આ એ મહાત્મા ગાંધીજીની ગુજરાત છે જેને જીરવવી (સહેવી) કઠિન હતી. (છતાં) એકવાર જેના યશોગાન ગાયા છે એ ગુજરાતને કઈ રીતે ભૂલી શકાય ? (હૃદયમાં વસ્યા પછી જેને ભૂલાવી ન શકાય) એ ગુજરાત મારી છે.

ભારતનાં પ્રત્યેક રાજ્યોમાં ગુજરાતનું વિશિષ્ટ મહત્ત્વ છે, એ ગુજરાત મારી છે. આ મોંઘેરી (મૂલ્યવાન) ગુજરાત મળતાં મળી ગઈ છે. એ ગુજરાત મારી છે.

## અભ્યાસ

1. **નીચેના પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરી તેનો ક્રમ લખો.**

(1) **'ગુજરાત મોરી મોરી રે' કાવ્યમાં કવિએ કયા રાજ્યની વાત કરી છે ?**

(A) મહારાષ્ટ્ર (B) કેરલ
(C) આંધ્રપ્રદેશ (D) ગુજરાત

(2) **કવિ 'મળતાં મળી ગઈ મોંઘેરી ગુજરાત'નો અર્થ શો કરે છે ?**

(A) ગુજરાત આઝાદ બન્યું
(B) ગુજરાતમાં જન્મ થયો એ સદ્ભાગ્ય છે.
(C) ગુજરાતમાં રહેવાની ખૂબ જ મજા છે.
(D) ગુજરાત શાંત, સારું અને સુવિધાવાળું રાજ્ય છે.

(3) 'ઈડરિયો ગઢ' જોવા ક્યાં જવું પડે ?
(A) અંબાજી (B) પાવાગઢ
(C) જૂનાગઢ (D) ઈડર

(4) "ગુજરાત મોરી મોરી રે.... " વારંવારના શબ્દો શું બતાવે છે ?
(A) ગાવાની મજા માટે
(B) માલિકી ભાવ
(C) ગુજરાત પ્રત્યેનો પ્રેમ
(D) ગુજરાતની વિશેષતા

(5) પાવાગઢના ડુંગર પર કયા માતાજીનું મંદિર છે ?
(A) અંબાજી માતાજી
(B) કાલિકા માતાજી
(C) ચામુંડા માતાજી
(D) બુટભવાની માતાજી

2. નીચેના પ્રશ્નોના ઉત્તર એક-એક વાક્ય લખો.

(1)* નર્મદા નદીનું બીજું નામ જણાવો.
ઉત્તર : નર્મદા નદીનું બીજું નામ 'રેવા' છે.

(2)* કવિએ ગુજરાતને કેવી કહી છે ?
ઉત્તર : કવિએ ગુજરાતને 'મોંઘેરી' અને સા ભારતમાં 'ઝાઝેરી' (વિશિષ્ટ) કહી છે.

(3)* 'ચરોતર' પ્રદેશ ક્યાં આવેલો છે ?
ઉત્તર : ચરોતર પ્રદેશ મહી અને સાબર નદીઓ વચ્ચે આવેલો છે.

(4)* સારસ પંખીની જોડી ક્યાં સહેલ કરે છે ?
ઉત્તર : સારસપંખીની જોડી જળાશયના કાંઠે સહે કરે છે.

(5) નર્મદના સમયમાં ગુજરાતની સ્થિતિ કે હતી ?
ઉત્તર : નર્મદના સમયમાં ગુજરાતની સ્થિતિ સારી હતી. એ સમયમાં જીવન જીવવું મુશ્કેલ હ

(6) કોણ - કોણ મીઠા બોલ બોલે છે ?
ઉત્તર : કોયલ અને મોર મીઠા બોલ બોલે છે.

## સ્વાધ્યાય

1. નીચેના પ્રશ્નોના ઉત્તર બે-ત્રણ વાક્યોમાં લખો.

(1) 'ગુજરાત મોરી મોરી રે' કાવ્યમાં જે પક્ષીનો ઉલ્લેખ કર્યો એની વિશેષતાઓ જણાવો.
ઉત્તર : 'ગુજરાત મોરી મોરી રે' કાવ્યમાં કોયલ, મોર અને સારસપંખીનો ઉલ્લેખ થયો છે. કોયલનો મધુર કંઠ, મોરનો મધુર ટહુકો વિશિષ્ટ છે. જ્યારે સારસપંખી પ્રેમના પ્રતીક તરીકે ઓળખાય છે. તે બંને હંમેશાં સજોડે જ જોવા મળે છે અને જળાશયની પાસે જ હોય છે.

(2) ગુજરાતના જે પ્રદેશોનો ઉલ્લેખ થયો તેનાં નામ અને તે શાનાં માટે જાણીતાં છે તે જણાવો.
ઉત્તર : આ કાવ્યમાં ગુજરાતના ચરોતર અને ચોરવાડ પ્રદેશોનો ઉલ્લેખ થયો છે. ચરોતર તેની ફળદ્રુપ જમીન અને ઔદ્યોગિક વિકાસ માટે તેમજ ચોરવાડ દરિયાકિનારાના વિહારધામ તરીકે જાણીતાં છે.

(3) 'ગુજરાત મોરી મોરી રે' કાવ્યમાં ગુજરાતનું સૌંદર્ય નિરૂપવા માટે કયા શબ્દો વપરાયા છે?
ઉત્તર : 'ગુજરાત મોરી મોરી રે' કાવ્યમાં ગુજરાતનું સૌંદર્ય નિરૂપવા માટે સાબરના મર્દાની સોણલાં, રેવાના અમૃત (જળ), સમદરના મોતીની છોળો, ગિરનારી ટૂકો, ઈડરિયો ગઢ, પાવાને ટોડલે (પાવાગઢ), ચોરવાડ, ચરોતર, કોયલ, મોર, મેઘમીઠે બોલડે, નમણી પનિહારી, સારસ, ઝાઝેરી, મોંઘેરી ગુજરાત જેવા શબ્દો વપરાયા છે.

(4) આ કાવ્યમાં ગુજરાતની કઈ કઈ નદીઓનો ઉલ્લેખ થયો છે ? એમની વિશિષ્ટતા જણાવો.
ઉત્તર : આ કાવ્યમાં ગુજરાતની 'સાબર' અને 'રેવા' નદીનો ઉલ્લેખ થયો છે.
સાબર : સાબરકાંઠાના ઈશાન ભાગેથી

વહેતી 'સાબર' હિંમતનગર નજીક હાથમતીને મળે છે. અહીં સુધી 'સાબર' તરીકે ઓળખાતી નદી અહીંથી આગળ જતાં 'સાબરમતી' તરીકે ઓળખાય છે.

રેવા : નર્મદા નદીનું બીજું નામ 'રેવા' છે. રેવાનો અર્થ 'અશ્વ સમાન વેગ' થાય છે. અશ્વ વેગથી દોડે છે પણ ખોટી કૂદાકૂદ નથી કરતો તેમ રેવા પણ અશ્વના વેગ સમાન વેગપૂર્વક વહે છે. રેવા પોતાના અમૃત સમાન જળનું પાન કરાવી સૌને નવજીવન બક્ષે છે.

2. **વિચારો અને લખો.**

(1) **ગુજરાતમાં આવેલી નદીઓની યાદી તૈયાર કરીને કોઈપણ એક નદી વિશે પાંચ - સાત વાક્યો લખો.**

ઉત્તર : ગુજરાતમાં અમરવેલી, નાગમતી, નર્મદા, શેત્રુંજયનદી, મહી, હાથમતી, વિશ્વામિત્રી, સાબરમતી વગેરે નદીઓ આવેલી છે.

**સાબરમતી :** સાબરમતી ભારતની અને ગુજરાતની મુખ્ય નદીઓમાંની એક છે. સાબરમતીના કિનારે અમદાવાદ શહેર બનેલું છે. સાબરમતી પર ધરોઈ બંધ યોજના બનાવવામાં આવી છે. રાષ્ટ્રપિતા મહાત્માગાંધીના આશ્રમ સાબરમતીના તટે આવેલો છે. સાબરકાંઠાના ઈશાન ભાગથી વહેતી સાબરમતી હિંમતનગર નજીક હાથમતીને મળે છે. ત્યાં તે 'સાબર' કહેવાય છે, પછી સાબરમતી તરીકે ઓળખાય છે. તે મેવાડના પહાડોમાં થઈને દક્ષિણ-પશ્ચિમ તરફ ખંભાતની ખાડીમાં મળે છે.

(2) **ગુજરાતમાં આવેલા પર્વતોની યાદી તૈયાર કરીને કોઈપણ એક પર્વત વિશે પાંચ - સાત વાક્યો લખો.**

ઉત્તર : ગુજરાતમાં - સૌરાષ્ટ્રમાં બરડો, ચોટીલો, શેત્રુંજય અને ગિરનાર પર્વત છે. ગુજરાતની ઉત્તરે અને પૂર્વ સરહદે અરવલ્લી, વિંધ્ય, સાતપુડા અને પશ્ચિમઘાટ છે. સાંબરકાંઠા અને બનાસકાંઠામાં આરાસુર ગિરિમાળા છે. દાંતામાં ગુરુનો ભાંખરો છે. અમીરગઢ પાસે જાસોરનો ડુંગર છે. ગુજરાતનાં તારંગા અને ઇડરના ડુંગરો પ્રસિદ્ધ છે. **ગિરનાર :** ગિરનાર એ ગિરિમાળાનો સમૂહ છે. અંબાજી, ગોરખ, ઓઘડ, દત્તાત્રેય તથા કાલિકા આ પાંચ તેના મુખ્ય શિખરો છે. ગિરનાર ગુજરાતનો સૌથી ઊંચો પર્વત છે. તે ગુજરાતના જૂનાગઢમાં આવેલો છે. કવિઓએ તેની ટૂકોનો ઉલ્લેખ કરી તેનું ઐતિહાસિક તથા ધાર્મિક મહત્ત્વ દર્શાવ્યું છે.

(3) **પ્રાસયુક્ત જોડકણાં બનાવવાનો પ્રયત્ન કરો. તમે બનાવેલાં જોડકણાં લખો.**

(1) ઘરર ઘંટી બાજરો ને બંટી
ઝીણું દળું તો ઊડીઊડી જાય
જાડું દળું તો કોઈ ન ખાય
આદિ-વિકુ અમારાં એવા સવાદણાં
હાલતા જાય, ચાલતા જાય
કાજુકતરી ખાતા જાય.

(2) આવો ને મેઘરાજા વગડાઉં વાજા
વધાવું તમને હાથમાં ફૂલડાં લઈ ઝાઝા.

(3) હાથીભાઈ તો જાડાં, લાગે મોટા પાડા
આગળ લટકે લાંબી સૂંઢ, પાછળ લટકે ટૂંકી પૂંછ

(4) જૂઠું કદી ન બોલવું, તજવું આળસ અંગ
હળીમળીને ચાલવું રૂડો રાખો સંગ

(5) સૂરજ ચાંદો આકાશે રમે છે થપ્પો થપ્પો
ચાંદે સૂરજને ગોતી મારી ધબ્બો કીધું તારો થપ્પો.

(6) લ્યો ટબૂકબેન મારો તાળી
વાઘને છે ચટ્ટાપટ્ટા,
સિંહને છે કેશવાળી,
રીંછને તો વાળ મોટાં,
ઊંટભાઈની ખૂંધ મોટી,
ઊંચા મોટા ઢેકાવાળી,
હાથીભાઈની સૂંઢ મોટી,
સસાભાઈના કાન છે સુંદર,
આંખો રાતી ને રૂપાળી,

લાકડું કાપે નાનો ઉંદર,
વાંદરાભાઈની પૂંછડી લાંબી,
છેડે મોટા ગુચ્છાવાળી,
ચિત્તાને કોઈ શકે ન આંબી,
શિયાળભાઈ તો ખૂબ જ લુચ્ચા,
રાત્રે કરતા લાંબા લાળી,
ઝિરાફભાઈને ખૂબ જ ઊંચા,
લ્યો ટબૂકબેન મારો તાળી..

**3. નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દ લખો.**

1. નીર - **જળ, પાણી**
2. હેત - **પ્રેમ, સ્નેહ, વ્હાલ**
3. ભોમ - **ભૂમિ, ધરતી, અવની**
4. સમંદર - **દરિયો, સમુદ્ર**
5. આંખ - **નેત્ર, નયન, લોચન**
6. હૈયું - **હૃદય, ઉર**
7. હીર - **સત્ત્વ, દૈવત**

**4. નીચે આપેલી કાવ્યપંક્તિ પૂર્ણ કરો.**

(1) **સાબરનાં મર્દાની** સોણલાં સુણાવતી,
રેવાનાં અમૃતની મર્મર ધવરાવતી,
સમદરનાં મોતીની છોળે **નવરાવતી,**

(2) **નર્મદની** ગુજરાત દોહ્યલી રે જીરવવી,
ગાંધીની ગુજરાત કપરી જીરવવી,
એકવાર ગાઈ કે **કેમ કરી ભૂલવી ?**

**5. 'ગુજરાત' વિશે આઠ-દસ વાક્યો લખો.**

**(1) ગુજરાત :** ગુજરાત વિકાસશીલ રાજ્ય છે. ગુજરાતની પ્રજા વ્યાપારી પ્રજા કહેવાય છે. ગુજરાત અનેક રીતે સમૃદ્ધ રાજ્ય છે. મહાત્મા ગાંધીની જન્મભૂમિ પોરબંદર ગુજરાતમાં જ છે. નર્મદ, ગાંધીજી, નરસિંહ મહેતા જેવા અનેક મહાત્માઓ આ ધરતી પર જ જન્મ્યા છે. ગુજરાતની ઉત્તરે રાજસ્થાન છે, અરવલ્લીની ગિરિમાળામાં આબુ, આરાસુર, તારંગા અને સાબરકાંઠાના ડુંગરો આવેલા છે. પ્રાકૃતિક અને ભૌગોલિક રીતે ગુજરાત સમૃદ્ધ છે. ગુજરાતનું લોકજીવન અનેક વૈવિધ્યથી સભર છે. આઝાદી પછી ઈ.સ. 1960ની 1 મેના રોજ ગુજરાત અને મહારાષ્ટ્ર (મુંબઈ રાજ્યથી) અલગ થયું. આથી 1 મે ગુજરાતના સ્થાપના દિવસ તરીકે ઉજવાય છે.

**6. સૂચના પ્રમાણે કરો.**

**(1) શબ્દના અંતે 'લે' આવે તેવાં શબ્દો કાવ્યમાંથી શોધીને લખો.**

ઉત્તર : શબ્દના અંતે 'લે' આવે તેવાં શબ્દો 'ટોડલે, ડગલે, અંબોડલે, જોડલે.'

**(2) આવા બીજા શબ્દો મેળવો અને લખો.**

ઉત્તર : ખોબલે, ચોટલે, માટલે, પગલે, ઝૂલે

**(3) આ શબ્દોનો ઉપયોગ કરી પ્રાસયુક્ત એક-બે પંક્તિ બનાવો.**

ઉત્તર : 1. પાણિયારે ભર્યાં પાણી માટલે
પીવું પાણી ગાળીને ગરણે.
2. ફૂલેથી ગૂંથેલી વેણી ઝૂલે
શોભા ઘણેરી એની ચોટલે.
3. ફૂલડાં ભરીને છાબે વધાવું ખોબલે-ખોબલે
આંખો મીંચીને ચાલું હું તે હરિને પગલે પગલે.

**(4) તમે પંક્તિઓ કઈ કઈ રીતે બનાવી શક્યાં ? તમે બનાવેલી પંક્તિ વર્ગ સમક્ષ રજૂ કરો.**

ઉત્તર : શબ્દના અંતે 'લે', 'રે' વગેરે આવતાં હોય તેવા પ્રાસયુક્ત શબ્દોના અભ્યાસના આધારે પંક્તિઓ બનાવી શક્યા

(નોંધ : વિદ્યાર્થીઓએ અન્ય પંક્તિઓ પણ બનાવવી અને વર્ગમાં વાંચવી)

**7. નીચે આપેલા શબ્દોને કક્કાવારીના ક્રમમાં ગોઠવો. (ભોમ, આંખ, મોજાં, ઊમટે, ટોડલો, અમીમીટ)**

1. **અમીમીટ**
2. **આંખ**
3. **ઊમટે**
4. **ટોડલો**
5. **ભોમ**
6. **મોજાં**

## મૂલ્યાંકનલક્ષી વિશેષ પ્રવૃત્તિઓ

1. **યોગ્ય શબ્દ વડે ખાલી જગ્યા પૂરો. (ગાંધીની, પનિહારી, સોણલાં, અમીમીટ)**
   (1) સાબરના મર્દાની **સોણલાં** સુણાવતી.
   (2) આંખની **અમીમીટ** ઊમટે ચરોતર
   (3) **ગાંધીની** ગુજરાત કપરી જીરવવી
   (4) નમણી **પનિહારીને** ભીને અંબોડલે

2. **ખરાં વિધાન સામે ☑ ની અને ખોટાં વિધાન સામે ☒ ની નિશાની કરો.**
   (1) રેવાનું એક નામ મંદાકિની છે. - ☒
   (2) પાવાગઢની ટોચે મહાકાળીમાતા બિરાજે છે. - ☑
   (3) ચોરવાડના લોકોની આંખોમાંથી અમૃત નીતરે છે. - ☒
   (4) સારસબેલડી જળાશયના કાંઠે સુખેથી વિહરે છે. - ☑
   (5) નર્મદના સમયમાં ગુજરાતમાં જીવન દોહ્યલું હતું. - ☑

## વ્યાકરણ

1. **નીચે આપેલા શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દ લખો.**
   1. અમૃત × **વિષ, ઝેર**
   2. દોહ્યલું × **સહેલું, સરળ**
   3. મોંઘી × **સસ્તી**
   4. ભીને × **કોરે, સૂકે**
   5. સુખ × **દુઃખ**
   6. મીઠી × **કડવી**
   7. ઝાઝું × **ઓછું**

2. **નીચેના શબ્દોની જોડણી સુધારી ફરીથી લખો.**
   1. મોંઘેરિ - **મોંઘેરી** 2. ડુબ્યો - **ડૂબ્યો**
   3. ઉભરે - **ઊભરે** 4. જાઝેરી- **ઝાઝેરી**

3. **નીચેના શબ્દનો અર્થ આપી વાક્યપ્રયોગ કરો.**
(1) **મર્મર :** પાંદડાંનો ધીમો અવાજ
- **વાક્ય :** જંગલના સન્નાટામાં પક્ષીઓનો મધુર અવાજ અને પર્ણનો મર્મર રવ અત્યંત આહ્લાદક લાગતો હતો.

(2) **ઊભરે :** ઊભરાવું, ઊભરાય, છલકાય, (ગર્વથી છલકાવું, ઊભરાવું)
- **વાક્ય :** રિયો ઑલમ્પિકમાં ભારતીય ખેલાડીઓના વિજયથી ભારતીયોના હૈયે હરખનો ઊભરો આવ્યો.

4. **નીચે આપેલા શબ્દસમૂહ માટે એક શબ્દ લખો.**
(1) બારસાખની બહાર દેખાતો ઉપલો છેડાનો ભાગ - **ટોડલો**
(2) અમૃત જેવી મીઠી નજર - **અમીમીટ**
(3) એકસામટા જથ્થામાં આગળ ધસે તે- **ઊમટવું**

5. **રૂઢિપ્રયોગનો અર્થ આપી વાક્યપ્રયોગ કરો.**
(1) **છાતી ઊભરાવી :** અત્યંત આનંદથી (પ્રેમથી) છલકાવું.
**વાક્ય :** શ્રીકૃષ્ણના પરાક્રમો વિશે સાંભળીને દેવકી-વસુદેવની છાતી ઊભરાવા લાગી.